તંત્રીશ્રીની કલમે

પોલીસને સોનાલી ફોગાટના ફ્લેટમાંથી મળ્યા છે મહત્વના પુરાવા, પોલીસે હજુ તેનો ખુલાસો કર્યો નથી

ભાજપ નેતા અને સોશિયલ મીડિયા સ્ટાર સોનાલી ફોગાટની હત્યાના મામલામાં ચોંકાવનારી જાણકારી સામે આવી છે. ગોવાથી તપાસ માટે ગુરૂગ્રામ આવેલી પોલીસે સોનાલીના ફ્લેટમાં ઘણા સમય સુધી સર્ચ કર્યું હતું. સર્ચ દરમિયાન પોલીસના હાથમાં મહત્વના પૂરાવા લાગ્યા છે. ગોવા પોલીસ હજુ ગુરૂગ્રામમાં જ રહેશે. પોલીસ અધિકારી સોમવારે સોનાલીની ઓફિસમાં તપાસ હાથ ધરશે. ગોવા પોલીસે ગુરૂગ્રામના સેક્ટર ૧૦૨ સ્થિત સોનાલી ફોગાટના ફ્લેટમાં સર્ચ કર્યું હતું. આ દરમિયાન પોલીસના હાથમાં જ્વેલરી, ઘડીયાળ અને પાસપોર્ટ સિવાય મહત્વના પૂરાવા આવ્યા છે. પોલીસે હજુ તેનો ખુલાસો કર્યો નથી. આ સાથે ગોવા પોલીસે સોનાલીના પીએ સુધીર સાંગવાનના ઘરમાં પણ તપાસ કરી છે. ગોવા પોલીસની ટીમે સુધીર સાંગવાનના રોહતક સ્થિત નિવાસ્થાને સર્ચ કર્યું હતું. સૂત્રોએ જણાવ્યું કે ગોવા પોલીસની ટીમ રવિવારે સાંગવાનના ઘરે પહોંચી અને પૂછપરછ બાદ આગળની તપાસ માટે ગુરૂગ્રામ રવાના થઈ હતી. ગોવા પોલીસે ફોગાટના મોત મામલામાં આરોપીઓ સાંગવાન, સુખવિંદર સિંહ અને ત્રણ અન્ય લોકોની ધરપકડ કરી છે. ગુરૂગ્રામમાં સાંગવાને એક ફ્લેટ ભાડા પર લીધો હતો, જ્યાં ગોવા પોલીસ આગળની તપાસ કરશે. ફોગાટના પરિવારના સભ્યોએ તેની હત્યાનો આરોપ લગાવતા મામલાની તપાસ સીબીઆઈને સોંપવાની માંગ કરી છે. આ પાંચમો દિવસ છે, જ્યારે ગોવા પોલીસની ટીમ હરિયાણામાં તપાસ કરી રહી છે. તપાસના સિલસિલામાં ટીમ બુધવારે હિસાર પહોંચી હતી, જ્યાં તેમણે સંત નગર સ્થિત ફોગાટના ફાર્મ હાઉસ અને ઘરની મુલાકાત લીધી હતી. ટીમે ફોગાટ અને સાંગવાનના બેંક એકાઉન્ટ અને સંપત્તિ સાથે જોડાયેલી માહિતી ભેગી કરી હતી. સૂત્રોએ કહ્યું કે ગોવા પોલીસ જમીન સહિત સંપત્તિની પણ તપાસ કરી રહી છે, જે ફોગાટના નામે છે. પોલીસે આ કેસમાં સંપત્તિની વિગતો જાણી રહી છે. ફોગાટ અને અન્યએ ૨૨ અને ૨૩ ઓગસ્ટની રાત્રે ગોવાના કર્લીઝ રેસ્ટોરન્ટમાં પાર્ટી કરી હતી. ફોગાટને ૨૩ ઓગસ્ટે એક હોસ્પિટલ લઈ જવામાં આવી જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી હતી. પોલીસે સોનાલીના પીએ સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરી છે.

જીએસટી પર વિપક્ષનાં બેવડાં ધોરણ

જીએસટી કાઉન્સિલ દ્વારા પેકેટબંધ દહીં, લસ્સી, લોટ, પનીર સહિત કેટલીક બીજી ખાદ્ય સામગ્રીઓ પર પાંચ ટકા જીએસટી લગાવવાનો કોંગ્રેસ સહિત કેટલાક વિપક્ષી દળો વિરોધ કરી રહ્યા છે. તેઓ એવું જાહેર કરી રહ્યા છે કે આ નિર્ણય કેન્દ્ર સરકારે લીધો છે. જોકે આ નિર્ણય કેન્દ્ર સરકારનો નહીં, પરંતુ જીએસટી કાઉન્સિલનો છે. આ એક નીતિગત નિર્ણય છે, જેથી તેનો વિરોધ કે સમર્થન પણ નીતિગત હોવા જોઈએ. તથ્યોને બાજુ પર મૂકીને તેનો વિરોધ તર્કહીન રાજકારણ સિવાય બીજું કશું જ નથી. તથ્ય એ છે કે જીએસટીના દરોમાં બદલાવ સંબંધે કોઈપણ નિર્ણય લેવાનો અધિકાર જીએસટી કાઉન્સિલનો છે. જીએસટી કાઉન્સિલમાં તમામ રાજ્યોના નાણાંમંત્રીઓ સદસ્યો છે. કોઈ નિર્ણય સંબંધે રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોને વોટિંગનો અધિકાર મળેલો છે. તેથી એ માનવું બિલકુલ ખોટું છે કે જીએસટીના દરો બાબતનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવે છે. વાસ્તવમાં તેમાં રાજ્યોની પર્યાપ્ત ભૂમિકા અને હિસ્સેદારી હોય છે. અત્યાર સુધી જે નિર્ણયો લેવાયા છે તેમાં વોટિંગ કરાવવાની સ્થિતિ પણ બહુ ઓછી આવી છે. મોટાભાગના નિર્ણય રાજ્યો અને કેન્દ્ર પરસ્પર સહમતિથી જ લઈ લે છે. પેકેટબંધ દહીં, લસ્સી, પનીર વગેરે વસ્તુઓ પર પાંચ ટકા જીએસટી લગાવવાનો નિર્ણય પણ સર્વાનુમતે જ લેવાયો છે!

ઉલ્લેખનીય છે કે કોવિડની ગંભીર પરિસ્થિતિઓને જોતાં ગત ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ લખનૌમાં થયેલ જીએસટી કાઉન્સિલની ૪૫મી બેઠકમાં તમામ રાજ્યો તરફથી ટેક્સ દરોમાં બદલાવો મુદ્દે કેટલીક માંગો રજૂ કરવામાં આવી. જીએસટી દરોમાં બદલાવોની માંગો પર વિચાર કરવા માટે જીએસટી કાઉન્સિલે સાત રાજ્યોના પ્રતિનિધિત્વ વાળા એક મંત્રી સમૂહની રચના કરી. એ મંત્રીસમૂહમાં એનડીએ શાસિત રાજ્યો- કર્ણાટક, બિહાર, ઉત્તર પ્રદેશ અને ગોવા ઉપરાંત વિપક્ષી રાજ્યો કેરળ, બંગાળ અને રાજસ્થાનના નાણાંમંત્રી પણ રહ્યા.

આજે કોંગ્રેસ સહિત કેટલાક અન્ય પક્ષો જીએસટીના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે તો એ જોવું જરૂરી છે કે જીએસટી કાઉન્સિલની બેઠકમાં તેમની સરકારોનો પક્ષ કેવો હતો? સચ્ચાઈ એ છે કે જીએસટી કાઉન્સિલની બેઠકમાં તમામ રાજ્યોની સર્વાનુમતિથી જ નવા દરો લાગુ કરવાનો નિર્ણય લેવાયો. જો નિર્ણય ખોટો હોય તો શું રાજસ્થાનની કોંગ્રેસ સરકારે બેઠકમાં એના પર વાંધો ઉઠાવ્યો? જવાબ છે - ના. શું તૃણમૂલ કોંગ્રેસે અસહમતિ વ્યક્ત કરી? જવાબ છે - ના. શું કેરળની લેફ્ટ સરકારે તેના પર વાંધો ઉઠાવ્યો? જવાબ છે- ના. તો પછી આ નિર્ણયનો વિરોધ કરી રહેલી કોંગ્રેસના વિરોધનો આધાર શો છે? કે પછી તે વિરોધ ખાતર જ વિરોધ કરી રહી છે?

એક બીજું તથ્ય પણ સમજવું જરૂરી છે. એવું જાહેર કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે કે જાણે જે વસ્તુઓ પર પાંચ ટકા જીએસટી લગાવાયો છે એના પર અત્યાર સુધી ક્યારેય ટેક્સ જ ન હતો. જીએસટી જુલાઈ ૨૦૧૭માં લાગુ થયો. તેના પહેલાં આ ખાવાપીવાની ચીજો પર વેટ જેવા ટેક્સ લાગતા હતા. કેટલીય વસ્તુઓ પર તો પાંચ ટકાથી વધારે ટેક્સ લોકોએ આપવો પડતો હતો. જેમ કે જીએસટી લાગુ થયા પહેલાં પણ દૂધ પાઉડર, ચ્હા, મધ, સોયાબીન તેલ, ખાદ્યતેલ, ખાંડ વગેરે પર છ ટકા ટેક્સ લાગતો હતો. કેટલીક વસ્તુઓ પર તો ૧૨ ટકા ટેક્સ વસૂલાતો હતો. જીએસટીના દરોમાં હાલમાં થયેલા બદલાવો છતાં તેમાંથી કેટલી ચીજો પર પહેલાં કરતાં ઓછો ટેક્સ આપવો પડશે. તેથી કોંગ્રેસ સહિત અન્ય પક્ષોનો વિરોધ તર્કોની કસોટી પર કમજોર દેખાય છે.

મહત્ત્વપૂર્ણ સવાલ એ પણ છે કે જીએસટી કાઉન્સિલે આ વસ્તુઓ પર ટેક્સ કેમ લગાવવો પડ્યો? અસલમાં રાજ્ય માટે કર સંગ્રહ એ જ રીતે અનિવાર્ય છે, જેમ માનવ શરીર માટે ઓક્સિજન. કોવિડ સંકટ આવ્યા બાદ છેલ્લા લગભગ બેએક વર્ષ સુધી દેશમાં અપ્રત્યક્ષ કરોમાં કોઈ બદલાવ નહોતો થયો. રાજ્યો દ્વારા તેનો હવાલો આપીને કર આવકમાં ઘટાડાની વાતો જીએસટી કાઉન્સિલની બેઠકોમાં સતત કહેવાતી રહી.

કરોમાં છૂટથી થઈ રહેલ નુક્સાનને વહન કરવામાં રાજ્ય પોતાની અક્ષમતા વ્યક્ત કરતાં હતાં. તેમની ચિંતા સ્વાભાવિક પણ હતી. કારણ કે જીએસટી લાગુ થયા પહેલાં આ જ વસ્તુઓ પર રાજ્યોને કર અંશ મળતો હતો, જે જીએસટી લાગુ થયા બાદ બંધ થઈ ગયો. તેથી તેમની માંગ આવવાની જ હતી. તેથી તેમી માંગ અંતર્ગત ગહન ચર્ચા અને વિમર્શ બાદ જીએસટી કાઉન્સિલે મંત્રીસમૂહનાં સૂચનોના આધારે ટેક્સમાં આ બદલાવ કર્યા છે. તેથી આ મુદ્દે કેન્દ્રની મોદી સરકારના માથે ઠીકરું ફોડવું યોગ્ય નથી. જો આ નિર્ણય ખોટો હોય તો કોંગ્રેસ સહિત તમામ પક્ષો જવાબદાર છે અને સાચો હોય તો શ્રેયના ભાગીદાર પણ બધા પક્ષો છે.

અરવિંદ કેજરીવાલે ૩ હજારનો સૂપ પીધો, ફોર સ્ટાર હોટેલે આપના નેતાઓના ત્રણ કલાકના રોકાણનું બિલ ૨.૧૮ લાખ આપ્યું!

ફરિદકોટ

શહેરની એક ફોર સ્ટાર હોટેલે આપના નેતાઓના ત્રણ કલાક માટેના રોકાણની વ્યવસ્થા બદલ સરકારને ૨.૧૮ લાખનું બિલ પકડાવ્યું છે. તેમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સહિત અન્ય કેટલાક સિનિયર નેતાઓ સામેલ હતા. ૧૫ જૂને કેજરીવાલે જાલંધરથી ઈન્દિરા ગાંધી એરપોર્ટ સુધી લક્ઝુરિયસ વોલ્વો બસનું લોકાર્પણ કર્યું હતું. ત્યારે તેઓ આ હોટેલમાં રોકાયા હતા. એક આરટીઆઈ એક્ટિવિસ્ટે આ મામલે આરટીઆઈ કરી માહિતી મેળવી હતી. નામ ન આપવાની શરતે એક અધિકારીએ જણાવ્યુ હતુ કે,

જાલંધર પ્રશાસનને કેવી રીતે બિલને ભરપાઈ કરવું તે પડકારરૂપ લાગી રહ્યુ છે. મહત્ત્વનું છે કે, આ બિલની તસવીર સામે આવી હતી. જેમાં એક સૂપની કિંમત ૩૦૫૯ રૂપિયા બતાવવામાં આવી છે. ઈં એક્ટિવિસ્ટ જસપાલ માને આ મામલે આરટીઆઈ દાખલ કરી માહિતી મેળવી હતી. ત્યારે જાલંધર જિલ્લા પ્રશાસને માત્ર હોટેલના બિલની જ માહિતી આપી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, હોટેલે ૨.૧૮ લાખનું બિલ ફટકાર્યું છે. જેમાં ૧.૩૭ લાખ રૂપિયા છ રૂમના, ૮૦,૭૧૨ રૂપિયા ૩૮ લંચ બોક્સના ગણ્યાં છે. આ સિવાય દિલ્હીના આપના મંત્રી રામ કુમાર ઝાના રૂમ અને સર્વિસનો ચાર્જ ૫૦,૯૦૨ રૂપિયા ગણવામાં આવ્યો છે. વધુમાં અરવિંદ કેજરીવાલના રૂમ અને સર્વિસનો ચાર્જ ૧૭,૭૮૮ રૂપિયા, ભગવંત માનના રૂમ અને સર્વિસનો ચાર્જ ૨૨,૮૩૬ રૂપિયા, દિલ્હીના ટ્રાન્સપોર્ટેશન મંત્રી કૈલાસ ગેહલોતના રૂમ અને સર્વિસનો ચાર્જ ૧૫,૪૬૦ રૂપિયા, પર્વેશ ઝાના રૂમ અને સર્વિસનો ચાર્જ ૨૨,૪૧૬ રૂપિયા અને દિલ્હીના મુખ્યમંત્રીના પર્સનલ સેક્રેટરીના રૂમ અને સર્વિસનો ચાર્જ ૮,૬૦૨ રૂપિયા ગણ્યો છે. ઉલ્લેખનીય છે કે, આપના નેતાઓ જે હોટેલમાં રોકાયા હતા.

હવા એન્જીનીયર્સ લિમિટેડ

સીઆઈએન : L29120GJ1993PLC019199
રજી. ઓફીસઃ પ્લોટ નં. ૧૨૯, કાશીરામ ટેક્ષટાઈલ મીલ પાસે, નારોલ રોડ,
અમદાવાદ- ૩૮૨૪૦૫, ગુજરાત
ફોન ન. ૦૭૯-૨૫૩૨૦૭૮૧, ઈ-મેલ : cs@hawaengltd.com

૨૯મી વાર્ષિક સામાન્ય સભા, રીમોટ ઈ-વોટીંગ, કટ ઓફ અને બુક બંધ તારીખની નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે હવા એન્જીનિયર્સ લીમીટેડના સભ્યોની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ),ગુરૂવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે યોજાશે.કંપની અધિનિયમ, ૨૦૧૩ અને તેના હેઠળ બનાવેલા નિયમો અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર)નિયમ ,૨૦૧૫ની તમામ લાગુ જોગવાઈઓનું પાલન કરીને વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/ અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ") દ્વારા અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI') દ્વારા જારી કરાયેલા તમામ લાગુ પરિપત્રો સાથે વાંચીને, એજીએમ નોટિસ બોલાવવામાં આવી છે. કંપનીએ કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર જે સભ્યોના ઈમેલ એડ્રેસ કંપની અને/અથવા ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે તેવા સભ્યોને ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ એજીએમ બોલાવવાની સૂચના સાથે વાર્ષિક અહેવાલ મોકલ્યો છે. અને સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્રો. એજીએમ બોલાવવાની સૂચના સાથેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.hawaengltd.com પર અને સેન્ટ્રલ ડિપોઝટરી સર્વિસીસ (ઈન્ડિયા)લિમિટેડ ની વેબસાઈટ CDSL) www.evotingindia.comપર પણ ઉપલબ્ધ છે.

એજીએમની સૂચનામાં ઉલ્લેખિત દસ્તાવેજો એજીએમની સૂચનાના પરિભ્રમણની તારીખથી સભ્યો દ્વારા નિરીક્ષણ માટે ઈલેક્ટ્રોનિક રીતે ઉપલબ્ધ છે. આવા દસ્તાવેજોની તપાસ કરવા માંગતા સભ્યો cs@hawaengltd.com પર ઈ-મેલ મોકલી શકે છે.

આથી સૂચના પણ આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ('અધિનિયમ') ની કલમ ૯૧ ની જોગવાઈઓ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪, સભ્યોના રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુકના નિયમ ૧૦ સાથે વાંચવામાં આવે છે. કંપનીની ૨૯મી એજીએમના હેતુ માટે ગુરુવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨થી ગુરુવાર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨ (બંને દિવસો સહિત) સુધી કંપની બંધ રહેશે.

કંપની કાયદા, ૨૦૧૩ સાથે વંચાતી કલમ ૯૧ ની જોગવાઈઓ સાથે વંચાતા કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૪ અન્વયે આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક્સ ગુરૂવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ થી ગુરૂવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી (બંને દિવસો સહીત) કંપનીની ૨૯મી એજીએમના હેતુસર બંધ રહેશે.

કંપની કાયદા, ૨૦૧૩ની જોગવાઈઓ સાથે વંચાતા કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૪ (સુધારા મુજબ) નિયમન ૧૦૮ ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ્સ નિયમનો) નિયમનો, ૨૦૧૫ (સુધારા મુજબ) ના નિયમન ૪૪ અન્વયે, સભ્યોને એજીએમ બોલાવતી નોટીસમાં જણાવેલ તમામ ઠરાવો પર સીડીએસએલ દ્વારા પુરી પાડાયેલ ઈલેક્ટ્રોનિક વોટીંગ સીસ્ટમનો ઉપયોગ કરીને તેમના મત આપવાની સવલત પુરી પાડવામાં આવી છે. સભ્યોના વોટીંગ હકો ગુરૂવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ (કટ ઓફ તારીખ) ના રોજ કંપનીની ભરપાઇ થયેલ શેર મુળીમાં તેમના ઇક્વીટી શેરોના હિસ્સાને અનુરૂપ રહેશે.

રીમોટ ઈ-વોટીંગ સોમવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે અને બુધવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પુર્ણ થશે. આ ગાળા દરમિયાન કટ ઓફ તારીખ એટલે કે ગુરૂવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨૨ ના રોજ ફીઝીકલ સ્વરૂપે અથવા ડીમેટ સ્વરૂપે શેરો ધરાવતા સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમના મત આપી શકે છે. ત્યારબાદ રીમોટ ઇ-વોટીંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા બંધ કરવામાં આવશે. વીસી / ઓએવીએમ સવલત દ્વારા એજીએમમાં હાજર રહેનાર અને રીમોટ ઈવોટીંગ થી ઠરાવો પર તેમના મત આપ્યા નથી અથવા તો તેમ કરવા સક્ષમ નથી તેવા સભ્યો એજીએમ દરમિયાન ઇ-વોટીંગ પદ્ધિતથી મત આપવા હકદાર ગણાશે.

જે સભ્યોએ એજીએમ પહેલા રીમોટ ઇ-વોટીંગથી તેમના મતો આપ્યા છે તેઓ વીસી / ઓએવીએમ દ્વારા એજીએમમાં હાજર રહી શકે છે / ભાગ લઇ શકે છે, પરંતુ ફરીથી તેમના મત આપવા હકદાર ગણાશે નહી.

કંપનીએ ઈલેક્ટ્રોનિક રીતે નોટીસ આપ્યા પછી કંપનીના શેરો પ્રાપ્ત કરનાર અને કંપનીના સભ્ય બનનાર અને કટ ઓફ તારીખના રોજ શેરો ધરાવતા સભ્યો helpdesk.evoting@cdslindia.com પર અરજી મોકલીને લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. આમ છતાં, જો તે / તેણી પહેલેથી રીમોટ ઇ-વોટીંગ માટે સીડીએસએલમાં રજીસ્ટર્ડ છે તેઓ તે/તેણીના વર્તમાન યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ મત આપવા માટે કરી શકે છે.

ઇ-વોટીંગ સંબંધિત પ્રશ્નો હોય તો સભ્યો / લાભાર્થી માલિકો સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com પર ઉપલબ્ધ વારંવાર પુછાતા પ્રશ્નો અને ઇ-વોટીંગ યુઝર મેન્યુઅલ જોઇ શકે છે અથવા નંબર ૦૨૨-૨૩૦૫૮૭૩૮ અને ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ પર સંપર્ક કરી શકે છે. ઇ-વોટીંગ સંબંધિત કોઇપણ ફરિયાદો, ૨૫ મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુટરેક્સ, મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન એમ જોષી માર્ગ, લોઅર પારેલ (પુર્વ), મુંબઇ - ૪૦૦૦૧૩ ઇમેઇલ આઇડી helpdesk.evoting@cdslindia.com પર સપંર્ક કરી શકે છે.

એજીએમની વિગતો કંપનીની વેબસાઇટ www.hawaengltd.com, સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com, બીએસઇ લીમીટેડ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

હવા એન્જીનીયરીંગ લીમીટેડ
સહી/-
અસલમ કાગદી
ચેરમેન
ડીન: ૦૦૦૦૬૮૭૯

તારીખ : ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨
સ્થળ : અમદાવાદ

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

પ્લેટફોર્મ પર કવર શેડની જોગવાઈ

ઈ-ટેન્ડર નોટીસ નં.
ડીઆરએમ-બીઆરસી 065, 2022-23

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C.) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. **અનુ. નં.1: ટેન્ડર નં. ડીઆરએમ બીઆરસી 065, 2022-23, કામનું નામઃ** વડોદરા ડિવિઝનઃ ભરૂચ, અંકલેશ્વર, કિમ, કોસંબા, પાલેજ અને મીયાગામ રેલવે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ પર કવર શેડની જોગવાઈ. બેલેન્સ માત્રા માટે. **કામનું અંદાજીત ખર્ચ (₹ માં): 8,77,60,746.96, જમા કરાવવાની બીડ સિક્યુરીટી (₹ માં): 5,88,800.00. ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા.23-09-2022** ના 15:00 કલાક પહેલા ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ **@ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4.

BRC-115

અમને લાઈક કરો: facebook.com/WesternRly

શ્રીરામ સિટી યુનિયન ફાયાનાન્સ લીમીટેડ

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST

રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પા નૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧.
બ્રાન્ચ ઓફિસ : ૪૦૩-૪૦૪, થર્ડ આઈ કોમ્પલેક્ષ, સારસ્વત બેંકની ઉપર, પંચવટી ચાર રસ્તા, સી.જી.રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વેબસાઈટ :**www.shriramcity.in

સાંકેતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડ (એસસીયુએફ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત કરવા માંગણા નોટીસો જારી કરી હતી.દેવાદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે દેવાદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનારે જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ **૬ સપ્ટેમ્બર,૨૦૨૨ ના રોજ** કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલ્કતનો સાંકેતિક કબ્જો મેળવી લીધો છે.
કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લીમીટેડની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના ચાર્જને આધિન રહેશે.

દેવાદારનું નામ અને સરનામું	માંગણા નોટિસ	મિલકતનું વિવરણ
૧.શ્રેયા એન્જિનિયરિંગ (પ્રોપરાઈટર શ્રી ભરતભાઈ મફતલાલ પટેલ) ઈ/૫૬,ભગિરથ-૪, ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, સિમ્પલેક્ષ રબ્બર કમ્પાઉન્ડ, જવાહર નગર સામે, અમરાઈવાડી, અમદાવાદ -૩૮૦૦૨૬. (દેવાદાર/આવેદક) ૨. ભરતભાઈ મફતલાલ પટેલ ૧૪, ગોકુલ બંગ્લોઝ, બરોડા એક્ષપ્રેસ હાઈવે પાસે, સીટીએમ, અમદાવાદ - ૩૮૦૦૨૬. (જામીનદાર/સહ આવેદક) ૩. સુભદ્રાબેન સુરેશકુમાર પટેલ એ/૧૨,પાર્થ એપાર્ટમેન્ટ, જે.કે. સ્ટીલનો ખાંચો, આનંદધામ સોસાયટી પાસે, અમરાઈવાડી, અમદાવાદ. (જામીનદાર/સહ આવેદક / ગીરો મુકનાર) ૪. સુભદ્રાબેન સુરેશકુમાર પટેલ એ/૧૨,પાર્થ એપાર્ટમેન્ટ, જે.કે. સ્ટીલનો ખાંચો, આનંદધામ સોસાયટી પાસે, અમરાઈવાડી, અમદાવાદ. (સુરેશકુમાર પી. પટેલના કાયદેસરના વારસદાર લોનમાં જામીનદાર અને સહ આવેદક) ૫. અવી સુરેશભાઈ પટેલ એ/૧૨,પાર્થ એપાર્ટમેન્ટ, વન્ડર પોઈન્ટ પાછળ, આનંદધામ સોસાયટી પાસે, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. (સ્વ.સુરેશકુમાર પી. પટેલના કાયદેસરના વારસદાર લોનમાં જામીનદાર અને સહ આવેદક)	૧૮મી જુન ૨૦૨૨ ના રોજ રૂા. ૩૦,૦૮,૯૦૩/- (રૂપિયા ત્રીસ લાખ, આઠ હજાર, નવસોને ત્રણ પુરા) લોન કરાર નંબર : CDAH1TF2007140001 CDAH1TF2107200002	સ્થાયી મિલકતના દરેક ભાગો અને પાર્સલો-ખાનગી સબ પ્લોટ/ શેડ નં.૫૬ ૪૧.૧૦ સ્કે.મી. પ્લોટની માપણી વિસ્તાર, માપણી ૨૮.૦૪ સ્કે.મી. જેટલો જમીનના કોમન રોડ, કોમન પ્લોટ વગેરેના બિનવહેંચાયેલ ભાગ સાથે, પ્લોટનો કુલ માપણી વિસ્તાર ૬૯.૧૫ સ્કે.મી.૭૬.૫૦ સ્કે.મી. માપણીના શેડના બાંધકામ સાથે કે જે ત્યાં આગળ ભગીરથ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ તરીકે જાણીતી છે. બિનખેતીલાયક જમીન મુક્ત રીતે ધરાવનાર ગુજરાત રાજયની અંદર બેરિંગ ટાઉન પ્લાનિંગ સ્કિમ નં.૧૦ના (સર્વે નં.૩૩૬)આખરી પ્લોટ નં.૧૪૦, મોજે-ગામ બાગે ફિરદોશ અલિઆસ અમરાઈવાડી તાલુકા મણીનગર, જીલ્લો અમદાવાદ અને રજીસ્ટ્રેશન સબ જીલ્લા અમદાવાદ-૭ (ઓઢવ)ખાતે સ્થિત છે. ઉપરોક્ત જમીન સિમાબદ્ધ નીચે મુજબ : સિમાબદ્ધની વિગતો : પૂર્વમાં સબ પ્લોટ નં.૫૫ પશ્ચિમમાં સબ પ્લોટ નં.૫૭ ઉત્તરમાં સબ પ્લોટ નં.૫૧ દક્ષિણમાં રોડ

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુકત કરાવવાનો સમય મળે છે. તે માટે કરજદારોને આમંત્રીત કરવામાં આવે છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૬-૦૯-૨૦૨૨

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લી.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank

શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફીસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧, પ્લોટ નં.બી૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / પ્રતિકાત્મત કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	પ્રકાશ અર્જુનભાઈ ભાનુશાલી અને અર્જુનભાઈ દામજીભાઈ ભાનુશાલી અને કેતન અર્જુનભાઈ ભાનુશાલી અને મિનાક્ષી ભાનુશાલી **LBVPI00002916911**	શોપ નં.૧ અને ૨,નરિમાન હેરિટેજ, સ્નેહ પાર્ક મેઈન રોડ, રાના રાઈસ મિલ પાસે, વાપી વેસ્ટ ૩૯૬૧૯૧ / ૦૨ સપ્ટેમ્બર , ૨૦૨૨	માર્ચ ૨૭, ૨૦૨૧ રૂા. ૭૯,૨૯,૬૪૦.૦૦/-	ગુજરાત

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : સપ્ટેમ્બર ૦૭, ૨૦૨૨
સ્થળ : ગુજરાત

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

ગ્લોબ ટેક્સટાઈલ્સ (ઈન્ડિયા) લિમિટેડ

(સી આઈ એનઃ L65910GJ1995PLC027673)
(રેજી. ઓફિસઃ પ્લોટ નંબર ૩૮ થી ૪૧, અમદાવાદ એપરલ પાર્ક, જીઆઈડીસી, ખોખરા અમદાવાદ- ૩૮૦ ૦૦૯)
Phone: 0091-79-2293 1881 to 1885 **EMAIL:** info@globetextiles.net
Website: www.globetextiles.net

સૂચના
૨૭મી વાર્ષિક સામાન્ય સભાનીનોટિસ તથા રિમોટઈ-વોટિંગની માહિતિ

આથી સૂચના આપવામાં આવે છે કે ગ્લોબ ટેક્સટાઈલ્સ ઈન્ડિયા લિમિટેડ ની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૨ શુક્રવાર ના રોજ વિડીયો કોન્ફરન્સિંગ (વીસી) અથવા ઓડિયો વિસુઅલ મીન (ઓએવીએમ) દ્વારા બપોર ના ૪.૩૦ વાગે યોજાશે. વાર્ષિક સભાનું સ્થળ કંપનીની રેજિસ્ટર્ડ ઓફિસ એટલે કે પ્લોટ નંબર ૩૮ થી ૪૧, અમદાવાદ એપરલ પાર્ક, જી.આઈ.ડી.સી, ખોખરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૮ ખાતે રહેશે.
સતત કોવિડ-૧૯ વૈશ્વિક રોગચાળાને ધ્યાનમાં રાખીને, કોર્પોરેટ બાબતોના મંત્રાલયે તેના પરિપત્ર નં. તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ ના પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧, તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ ના પરિપત્ર નંબર ૨૧/૨૦૨૧ તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને પરિપત્ર નં. ૦૨/૨૦૨૨ તારીખ ૦૫ મે, ૨૦૨૨ અને સેબી તેના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તારીખ ૧૩મી મે ૨૦૨૨એ ઉપરોક્ત મુક્તિઓને ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધી લંબાવી છે અને કંપનીની વાર્ષિક સામાન્ય સભા વિડીયો કોન્ફરન્સિંગ (વીસી)અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો દ્વારા સામાન્ય સ્થળ પર મીટિંગ માટે સભ્યોની ભૌતિક શારીરિક હાજરી વિના યોજવાની મંજૂરી આપી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓડિટેડ નાણાકીય નિવેદનો સહિત એજીએમ અને વાર્ષિક અહેવાલની સૂચના ઈલેક્ટ્રોનિક મોડમાં એવા સભ્યોને મોકલવામાં આવી છે કે જેમના ઈ-મેલ આઈડી કંપની અથવા ડિપોઝિટરી સહભાગીઓ(ઓ) સાથે નોંધાયેલા છે.
વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલવામાં આવેલ છે. વાર્ષિક અહેવાલ ને ઈલેક્ટ્રોનિક પધ્ધતિ થી સભ્યોને મોકલવાની કામગીરી તા. ૭ સપ્ટેમ્બર , ૨૦૨૨ બુધવારના રોજ પૂર્ણ કરવામાં આવી છે. કંપની ના વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.globetextiles.net પર પણ ઉપલબ્ધ છે. એજીએમ માં થનાર કામગીરી દર્શાવી છે તેની વિગતો અને તેના અનુસંધાનના દસ્તાવેજોનું નિરીક્ષણ કરવા માટે સીડીએસએલ ની ઈ-વોટીંગ સિસ્ટમ https://www.evotingindia.com/ પર લોગીન કરવાથી જોઈ શકાય છે.
એજીએમ દરમ્યાન ઈ-વોટિંગ તથા રિમોટ ઈ-વોટિંગ કરવાની રીત જોઈ શકાય છે.
કંપનીઝ એક્ટ ની કલમ ૧૦૮, કંપનીઝ મેનેજમેન્ટ તથા એડમિનિસ્ટ્રેશન રૂલ્સ, ૨૦૧૪ ના રુલ નંબર ૨૦ તથા સેબી રેગ્યુલેશન ૨૦૧૫ ના રેગ્યુલેશન નંબર ૪૪ ના અન્વયે કંપનીના આવા સભ્યો કે જેઓ સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૨, શુક્રવાર (કટ-ઓફ ડેટ) ના રોજ ફિઝિકલ કે ડિમેટ ફોર્મ માં શેયર ધરાવતા હોય તથા જેમના નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સ / ડિપોઝિટોરિસ દ્વારા જાળવવામાં આવતી રજીસ્ટર ઓફ બેનીફીશીઅરીસમાં કટ-ઓફ ડેટ માં રજીસ્ટર થયેલા હોય તેમને કંપની દ્વારા એજીએમ માં વર્ણવવામાં આવેલ પ્રસ્તાવિત ઠરાવો પર https://www.evotingindia.com/ ના ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા ઈ-વોટિંગની સુવિધા આપવામાં આવશે. આથી દરેક મેમ્બર ને સૂચના આપવામાં આવે છે કે ૨૭મી વાર્ષિક સામાન્ય સભા ની નોટિસ માં દર્શાવેલ સામાન્ય તથા સ્પેશ્યલ બિઝનેસ માટે વોટિંગ ઈલેક્ટ્રોનિક મોડ થી જ કરવામાં આવશે.
રિમોટ ઈ-વોટિંગ ના સમયગાળા ની શરૂઆત મંગળવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ સવારે ૯.૦૦ કલાકે થી થશે તથા ગુરુવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે પૂર્ણ થશે. આ સમયગાળા દરમ્યાન સભ્યો ઈલેક્ટ્રોનીકલી મત આપી શકશે. જે સભ્યો એ એક વાર મત આપી દીધો હોય તેઓ પાછળ થી પોતાનો મત માં ફેરફાર કરી શકશે નહિ. જે સભ્યો એ ઇલેક્ટ્રોનિક મોડ થી વાર્ષિક અહેવાલ મોકલાયા બાદ પરંતુ કટ-ઓફ ડેટ પેહલા શેર લીધા હોય તેમને વોટ આપવા માટે યુઝર આઈડી તથા પાસવર્ડ મેળવવા માટે ની પ્રક્રિયા જાણવા માટે એજીએમ ની નોટિસ નું સંદર્ભ લેવા વિનંતી. એજીએમ ના સ્થળે હાજર રહેલ પરંતુ ઈ-વોટિંગ ના કરેલું હોય તેવા સભ્યો તેમનો વોટ એજીએમ દરમ્યાન ઈ-વોટિંગ થી કરી શકશે. એજીએમ માં હાજર રહેલ એવા સભ્યો કે જેમને ઈ-વોટિંગ કરેલ હોય તેઓ એજીએમ દરમ્યાન વોટિંગ માટે યોગ્ય ગણાશે નહિ.
કોઈપણ પ્રકાર ના પ્રશ્નો માટે ઈ વોટિંગ વેબસાઈટ https://www.evotingindia.com/ પર મેમ્બર્સ માટે ઉપલબ્ધ હેલ્પ સેકશન માં આવેલ ઈ-વોટિંગ યુઝર મેનુઅલ કે મેંબર્સ માટે ફ્રીક્વન્ટલી આસ્ક્ડ ક્વેશ્ચન નો સંદર્ભ લેવો. મેમ્બર્સ કે જેમને એજીએમ ના પેહલા કે દરમ્યાન ટેક્નોલોજી ની મદદ જોઈતી હોય તેઓ helpdesk.evoting@cdslindia.com પર તેમની વિનંતી મોકલી શકે છે અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૨ ૫૫૩૩ પર સંપર્ક કરી શકે છે.એજીએમ ની નોટિસ કંપની વેબસાઈટ www.globtextiles.net, અને સ્ટોક એક્સચેન્જ ની એટલે કે એનએસસી લિમિટેડ ની વેબસાઈટ તથા સીડીએસએલ ની વેબસાઈટ https://www.evotingindia.com/ પર ઉપલબ્ધ છે.
ઈમેઈલ એડ્રેસ નોંધણી / અપડેટિંગ ની રીતઃ
જે સભ્યો ઈ કંપની સાથે તેમના ઈમેઈલ આઈડી ની નોંધણી કે અપડેટ કરાવ્યા નથી તેમને નીચેના ઈમેઈલ આઈ પર અપડેટ કરવા માટે વિનંતી છેઃ
અ) ફિઝિકલ મોડ માં રાખવામાં આવેલા શેરઃ ફોલિયો નંબર, શેર હોલ્ડરનું નામ, શેર સર્ટિફિકેટ ની સ્કેન કોપી (આગળ તથા પાછળ), પેન (સ્વ પ્રમાણિત પેન કાર્ડ ની સ્કેન કોપી) આધાર (સ્વ પ્રમાણીત આધાર કાર્ડ ની સ્કેન કોપી) જેવી વિગતો ઈમેઈલ આઈડી cs@globtextiles.net પર મોકલવી.
બ) ડિમેટ મોડ માં રાખવામાં આવેલ શેરઃ ડીપીઆઈડી - સીએલઆઈડી (૧૬ આંકડાના ડીપીઆઈડી - સીએલઆઈડી અથવા ૧૬ આંકડાના બેનીફીશીઅરી આઈડી), નામ ક્લાઈન્ટ માસ્ટર અથવા કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટ ની કોપી , પેન (સ્વ પ્રમાણિત પેન કાર્ડ ની સ્કેન કોપી) આધાર (સ્વ પ્રમાણીત આધાર કાર્ડ ની સ્કેન કોપી) જેવી વિગતો cs@globtextiles.net પર મોકલવી.
ક) ઈ-વોટિંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ માટે શેર હોલ્ડર / સભ્યો વારા ફરતી ઉપર જણાવેલ દસ્તાવેજો helpdesk.evoting@cdslindia.com પર મોકલી ને વિનંતી કરવી.
એજીએમ માં સામેલ થવાની રીતઃ
સીડીએસએલ ના ઈ-વોટિંગ સિસ્ટમ માં પ્રવેશ મેળવવા માટે મેમ્બર્સ એજીએમ ની નોટિસ માં એક્સેસ ટુ સીડીએસએલ ઈ-વોટિંગ સિસ્ટમ ના નીચે આપેલ પ્રક્રિયા ને અનુસરી શકે છે. સફળતાપૂર્વક લોગીન કર્યા બાદ કમ્પની ના નામ ની સામે આવેલ જોઈન જનરલ મીટીંગ મેન્યુ માં આવેલ વીસી / ઓવીએમ લિંક જોઈ શકો છો.
વીસી / ઓવીએમ લિંક કે જે જોઈન જનરલ મિટિંગ મેન્યુ ના નીચે આપવામાં આવેલ છે ત્તેના પર ક્લીક કરો.
વીસી / ઓવીએમ લિંક શેર હોલ્ડર / સભ્યો લોગીન કે જ્યાં કંપની નું EVSN દર્શાવેલ હશે ત્યાં ઉપલબ્ધ હશે નોંધનીય છે કે ઈ-વોટિંગ માટે જે સભ્યો પાસે યુઝર આઈ ડી તથા પાસવર્ડ ના હોય અથવા યુઝર આઈ ડી પાસવર્ડ ભૂલી ગયા હોય તેમને નોટિસ માં દર્શાવેલ રિમોટ ઈ વોટીંગ નું સૂચનાઓ પ્રમાણે પ્રયાસ કરવાનો રહેશે જેથી છેલ્લી મિનિટ ની દોડાદોડી થી બચવું.

ગ્લોબ ટેક્સટાઈલ્સ (ઈન્ડિયા) લિમિટેડ વતી
ભાવિક સૂર્યકાંત પરીખ
ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર
DIN : 00038223

તારીખ: ૦૬-૦૯-૨૦૨૨
સ્થળ : અમદાવાદ

---

zota healthcare ltd.

ઝોટા હેલ્થકેર લીમીટેડ

CIN: L24231GJ2000PLC038352
રજીસ્ટર્ડ ઓફિસ : ઝોટા હાઉસ, ૨/૮૯૬, હીરા-મોદી સ્ટ્રીટ, સગરામપુરા,
સુરત-૩૯૫૦૦૨, ગુજરાત,ઈન્ડીયા ફોન +૯૧-૨૬૧-૨૩૩૧૬૦૧
ઈ-મેઈલ : info@zotahealthcare.com **વેબસાઈટ :** www.zotahealthcare.com

વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)ની નોટિસ

અહી નોટીસ આપવામાં આવે છે કે ઝોટા હેલ્થ કેર લીમીટેડ (ધ કંપની) એ ૨૨મી વાર્ષિક સમાન્ય સભા(એજીએમ) **મંગળવાર, ૨૭મી, સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ વાગે** વિડિઓ કોન્ફેન્સિંગ("વીસી")/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો("ઓએવીએમ") દ્વારા એજીએમ નોટિસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે.એજીએમનું સ્થળ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ દા.ત.ઝોટા હાઉસ, ૨/૮૯૬, હીરા-મોદી સ્ટ્રીટ, સગરામપુરા, સુરત -૩૯૫૦૦૨, ગુજરાત, ઈન્ડિયા છે. કંપનીએ એજીએમ માટે ઈ- વોટિંગ સવલત સાથે સાથે અલગથી વીસી/ઓએવીએમ સુવિધા પુરી પાડવા માટે નેશનલ સિક્યોર્ટી ડિપોઝટરી લીમીટેડ(એનએસડીએલ)ને નિયુક્ત કરેલ છે.
મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ એફેર મંત્રાલય દ્વારા જારી કરાયેલ સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦, તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦, નં. ૨૦/૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, નં. ૦૨/૨૦૨૧ તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ અને પરિપત્ર નં. ૨૧/૨૦૨૧ તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૦૨/૨૦૨૨ તારીખ ૫ મી મે ૨૦૨૨ ("MCA પરિપત્ર") અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) પરિપત્ર નં. SEBI/HO/CFD /CMD1/CIR/P/2020/79 તારીખ ૧૨ મે, ૨૦૨૦, પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ અને પરિપત્ર નંબર SEBI/HO/DDHS/P /CIR/2022/0063 તારીખ ૧૩મી મે, ૨૦૨૨ ના રોજ સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી પરિપત્ર") દ્વારા જારી કરાયેલ અને એમસીએ અને સેબી દ્વારા સમયાંતરે જારી કરાયેલા અન્ય તમામ સંબંધિત પરિપત્રો,અનુસરતા અને પાલન કરતા ૨૨મી એજીએમની નોટીસ સાથે ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ ઈલેક્ટ્રોનીક મોડ મારફતે જે સભ્યો તેમના ઈ-મેઈલ આઈડી કંપની,આરટીએ અને ડીપોઝીટરી પાર્ટીસીપેન્ટ પાસે નોંધાવેલા છે તેમને સેબી અને એમસીએ પરિપત્રોનું પાલન કરીને મોકલાવી આપવામાં આવેલ છે.સેબી અને એમસીએના પરિપત્ર અંતર્ગત એજીએમની નોટીસ સાથે વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ ની ભૌતીક નકલ મોકલવાની જરૂરીયાત રહેતી નથી.
કંપની નો વાર્ષિક અહેવાલ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ સભ્યોને એજીએમની નોટિસ કંપનીની વેબસાઈટ www.zotahealthcare.com અને સ્ટોક એક્સચેન્જ વેબસાઈટ www.nseindia.com અને આ સબંધિત કોપી નેશનલ સિક્યેરીટી ડિપોઝિટરી લીમીટેડ (એનએસડીએલ) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

બુક ક્લોઝર નોટીસ

કંપનીના તમામ શેર હોલ્ડરોને જણાવવાનુ કે સભ્યોની નોંધણી અને કંપનીની શેર ટ્રાંસફર બુક ની કાર્યવાહી બુધવાર, ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજથી મંગળવાર, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ (બન્ને દિવસ સહિત) એજીએમ અને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ના ફાઈનલ ડિવીડન્ડ ના હેતુ સારૂ બંધ રહેશે.
ફાયનલ ડિવીડન્ડના ઉદ્દેશ્યથી કટ ઓફ ડેટ મંગળવાર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ છે, (એજીએમમા મંજૂરી પછી) જે સભ્યોના નામ કંપની રજીસ્ટરમાં નોંધાયેલ હશે, તે ઈક્વિટી શેર ધારકોને ડિવીડન્ડ મોકલી દેવામાં આવશે.
એ) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ દ્વારા ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં રાખવામાં આવેલા શેરના સંદર્ભમાં ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ કામકાજના સમયના અંતે લાભદાયી માલિક તરીકે અને
બી) સેબીના સરકયુલર પ્રમાણે હવે ફીઝીકલ શેર ટ્રાન્સફર માન્ય નથી) કંપનીના નોંધાયેલા સભ્યો માટે તા.૨૦મી સપ્ટેમ્બર ૨૦૨૨ પહેલા કંપનીને ફીઝીકલ ફોર્મ આપ્યુ હોય તેમને માન્ય નામ રદ કરવાનું કે દુર કરવાની કાર્યવાહીની અસર અપાશે.

એજીએમ દરમ્યાન રિમોટ -ઈવોટિંગ અને ઈ- વોટિંગ માટે સુચનાઓઃ

કંપની એક્ટ ,૨૦૧૩ ના નિયમન ૧૦૮ની જોગવાઈઓ અને કંપનીઓના કંપનીસ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ,૨૦૧૪ અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન અને ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટસ) નિયમન,૨૦૧૫ ના નિયમ ૪૪ને અનુસરતા એજીએમ ની મીટીંગમાં મંજૂર થયેલ ઠરાવ મુજબ સભ્યોને કંપની તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઈલેક્ટ્રોનિક પદ્ધતિ થી ઈ- વોટીંગની સુવિધા આપે છે. સભ્યો (કટ ઓફ તારીખ) ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૨, મંગળવારના રોજ ફિઝિકલ કે પછી ડિમેટાઈજેશન શેર ધરાવતા હોય તે ઈલેક્ટ્રોનિક પદ્ધતિ થી (રિમોટ-ઈ વોટીંગ) કે જે એનએસડીએલ ની વેબસાઈટ https//www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.એનએસડીએલ પર જે સભ્યો ડિપોઝિટરી પાર્ટીસિપેન્ડ પાસે તેમના રજીસ્ટર ઓનર્સ પાસે કટ-ઓફ તારીખ સુધી, જે સભ્યોના નામ નોંધાયેલા હશે તેઓજ રિમોટ ઈ- વોટીંગ માટે યોગ્ય ગણાશે.
રીમોટ ઈ-વોટિંગીનો દિવસ રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો શનિવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૦૯.૦૦ વાગ્યે શરૂ થશે અને સોમવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ.સાંજે ૦૫.૦૦ વાગ્યે સમાપ્ત થાય છે. રિમોટ ઇ-વોટિંગ મોડ્યુલ સાંજે ૦૫.૦૦ વાગ્યે અક્ષમ કરવામાં આવશે. સોમવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ અને સભ્યોને ઉલ્લેખિત તારીખ અને સમય પછી ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. એકવાર શેરધારક દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે તે પછી તેને બદલી/સંશોધિત કરી શકાતો નથી.
એજીએમમાં હાજરી આપનારા સભ્યો કે જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો નથી તેઓ એજીએમ દરમિયાન ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપવાને પાત્ર રહેશે. જે સભ્યોએ રીમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપ્યો છે તેઓ એજીએમમાં હાજરી આપવા માટે પાત્ર હશે, જો કે, તેઓ મીટીંગમાં મતદાન કરવાને પાત્ર રહેશે નહીં.
જે સભ્યોએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી AGM નોટિસ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખ પહેલાં શેર મેળવ્યા છે તેઓ cszota@zotahealthcare.com અથવા evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને વપરાશકર્તા આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૦૨૦-૯૯૦ અને ૧૮૦૦-૨૨૪-૪૩૦ પર સંપર્ક કરી શકે છે. જે NSDL દ્વારા પ્રદાન કરવામાં આવેલ છે. જો કે, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ NSDL સાથે રિમોટ ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે/તેણી તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે અને તેમનો મત આપી શકે છે.
ઈલેક્ટ્રોનિક વોટિંગની પ્રક્રિયા એજીએમની સૂચના તેમજ NSDL દ્વારા સભ્યોને મોકલવામાં આવેલી સૂચનામાં ઉપલબ્ધ છે. કૃપા કરીને www.evoting.nsdl.com પર ઈ-વોટિંગ વેબસાઈટના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ સભ્યો માટે "ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા" નો સંદર્ભ લો.

ઈમેઈલ સરનામું નોંધણી / અપડેટ કરવાની રીત

જે સભ્યો ફિઝિકલી શેર ધરાવતા હોય તેન હજી સુધી નોંધણી ના કરાવી હોય તેઓ ઈમેઈલ એડ્રેસનો સુધારો **સેટેલાઇટ કોર્પોરેટ સર્વિસિસ પ્રાઈવેટ લી. ને** લખીને સુધારો કરાવી લેવા વિંનતી છે. રજીસ્ટર અને શેર ટ્રાંસફર એજેન્ટ (આરટીએ) પહેલા શેર હોલ્ડરની સહી સાથે ના ફોર્મ આઇએસઆર-૧ ની સ્કેન કોપી ઈમેલ એડ્રેસ, મોબાઇલ નં. સ્વપ્રમાણિત પાન કોપી, સ્વપ્રમાણિત (આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસેંસ પાસપોર્ટ) ના દસ્તાવેજ કે જે સરનામા માટે પુરતા હોય ક્લાઈન્ટ માસ્ટર કોપી (જે ઈલેક્ટ્રોનિક્સ શેર હોય તો) અથવા શેર સર્ટીફિકેટ(જો ફિઝિકલ શેર હોય તો) એથી એ આરટીએ ઈમેઈલ એડ્રેસ નોંધાવી લે અને તેમને નોટીસ ઈવોટીંગની સૂચનાઓ યુઝર આઈડી ને પાસવર્ડ નીચે જણાવેલ પર મોકલી દે.આરટીએની માહિતી નીચે આપવામાં આવી છે.
સરનામું : એ/૧૦૬-૧૦૭ દત્તાણી પ્લાઝા /ઈસ્ટ- વેસ્ટ ઈન્ડસ્ટ્રીયલ કંપાઉન્ડ, અંધેરી કુર્લા રોડ, સફેદ પુલ, સાકીનાકા, મુંબઈ- ૪૦૦૦૭૨, ટેલીઃ ૨૮૫૨૦૪૬૧-૬૨ : ઈમેઈલ : service@satellitecorporate.com, વેબસાઈટ : www.satellitecorporate.com પર સંપર્ક કરવો.
જે સભ્યોને ઈ વોટીંગના સંબંધમાં કોઈ પ્રશ્નો હોય તો, તમે હેલ્પ સેક્શને હેઠળ એનએસડીએલ ની વેબસાઈટ www.evotingnsdl.com પર ઉપલબ્ધ ("એફએક્યુએસ")અને એજીએમ દરમ્યાન કે પહેલા કોઈ મદદ જોઈતી હોય કોઈ પ્રશ્ન હોય રિમોટ ઈ- વોટીંગ બાબતે કે શેર બાબતે કોઈ તપાસ કરવી હોય તો શ્રીમતી સરીતા મોટે એનએસડીએલના અધિકારીનો સંપર્ક કરી શકે છે.અથવા evoting@nsdl.co.inપર ઈમેઈલ કરી શકો છો. અથવા ટોલ ફ્રી નં.ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૦૨૦-૯૯૦ અને ૧૮૦૦ ૨૨૪-૪૩૦ પર સંપર્ક કરવો.

ઝોટા હેલ્થ કેયર લીમીટેડ વતી
સહી/-
અશ્વિન વારીયા
કંપની સેક્રેટરી એન્ડ કમ્પ્લાયન્સ ઓફિસર

તારીખ : ૦૬ -૦૯-૨૦૨૨
સ્થળ : સુરત

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd
Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt